# પાલનપુરના આકાશમાં સ્થાનિક અને વિદેશી પતંગબાજોએ પતંગો ચગાવી

પાલનપુર, તા.૧૦

વિદેશીઓને પતંગનું ઘેલું લાગ્યું. બનાસકાંઠાના પાલનપુરનું હેડક્વાર્ટર ગ્રાઉન્ડ વિદેશ પતંગ બાજો અને આકાશ વિદેષ પતંગોથી શોભી રહ્યું હતું હેડક્વાર્ટર ગ્રાઉન્ડ પર યોજાયેલા નેશનલ ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવમાં ૬ દેશોના પતંગ બાજોએ ભાગ લીધો હતો. જ્યારે ૫ રાજ્યો અને જિલ્લાના શાળાના બાળકોએ પણ પતંગ બાજીમાં ભાગ લીધો હતો.

બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા પાલનપુર ના પોલીસ હેડ ક્વાર્ટર ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ નેશનલ અને ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવમાં આર્જેન્ટિના, ઓસ્ટેલિયા-બ્રાઝીલ-કોલમ્બિયા સહિતના ૬ દેશોના ૧૫ જેટલા પતંગ બાજો પાલનપુરમાં મહેમાન બન્યા હતા. જ્યારે રાજસ્થાન-પંજાબ-દિલ્હી-મહારાષ્ટ્ર સહિત ૫ રાજ્યોના પતંગ બાજોએ પાલનપુરના ઈન્ટરનેશનલ કાર્યક્રમમાં ભાગ લઈ હેડ ક્વાર્ટર ગ્રાઉન્ડ પર વિદેશી પતંગો ઉડાવી મજા માણી હતી. જો કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાળાના બાળકો સહિત લોકોએ આ કાર્યક્રમની મજા માણી હતી જ્યારે પાલનપુરમાં વિદેશી પતંગ બાજોના આગમનથી ઈન્ટરનેશનલ ક્ષેત્રે પાલનપુર ઝળક્યું હતું. જ્યારે ગુજરાત સરકારના આમંત્રણને પગલે વિદેશી પતંગ બાજોએ વિદેશી પતંગ ચગાવી વિદેશી અંદાજમાં કાર્યક્રમને શોભાવ્યો હતો.

બહારના દેશોમાંથી આવેલા વિદેશ સ્પર્ધકોએ પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટર પર યોજાયેલા પતંગ મહોત્સવને ખૂબ જ સરસ ગણાવ્યો હતો અને આ કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લઈ મજા માણવાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને સમગ્ર વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. જ્યારે કાઈટ ફેસ્ટિવલમાં આવવાનો આનંદ અને ભારતીય સંસ્કૃતિની એક સારી છાપ લઈ જતા હોવાનું જણાવ્યું હતું જો કે આવતા વર્ષે આ કાઈટ મહોત્સવ યોજાશે તો આવવાની ખાતરી આપી હતી.





## ધાનેરાના એટા ગામના તળાવમાં ભેખડ ધસતા આધેડનું મોત

ધાનેરા, તા.૧૦

ધાનેરા તાલુકાના એટા ગામે ગામના તળાવમાં માટી ખોદી રહેલા આધેડ પર ભેખડ ધસી પડતા આધેડનું મોત નિપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ધાનેરા તાલુકાના વાસણ ગામે રહેતા દિનેશભાઈ ઉસ્માનભાઈ મુસ્લા ઉ.વ ૪૦ જે મજૂરી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે બપોરના સમયે દિનેશભાઈ પોતાની પત્ની સાથે એટ ગામના તળાવમાં માટી ખોદવા ગયા હતા. માટી ખોદતાં સમયે દિનેશભાઈ ઉપર ભેખડ ધસી પડતા આજુ બાજુથી લોકો દોડી આવ્યા હતા અને બહાર નીકાળી ધાનેરા ૧૦૮ને ફોન કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ. ટી ભગવાનભાઈ એસ. દેસાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં ફરજ પરના તબીબ દ્વારા મૃત જાહેર કરતા પરિવાર જાનોમાં ભારે શોક નો માહોલ જોવા મળ્યો હતો.

# મોડાસાના ઘાંચીવાડા વિસ્તારના બહુમાળી મકાનમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા ભારે ગભરાટ

### પરિવારજનોનો અદ્‌ભુત બચાવ : હજ્જારો રૂપિયાની ઘરવખરી આગમા ખાખ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારના ઘાંચીવાડામાં મુખ્યમાર્ગ નજીક આવેલા એક મકાનમાં શનિવારે બપોરના સમયે ઈન્ડિયન ગેસના બાટલાએ એકાએક આગ પકડતા ધડાકાભેર બ્લાસ્ટ થતા આજુબાજુના વિસ્તારમાં ભારે ભય સાથે ગભરાટ ફેલાયો હતો. બ્લાસ્ટના પગલે દોડી આવેલા યુવાનોએ મકાનમાં રહેલા પરિવારના ૬ સભ્યોને જીવના જોખમે હેમખેમ બહાર કાઢ્યા હતા. બ્લાસ્ટના પગલે મોડાસા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે તાબડતોડ પહોંચી આગને કાબુમાં લીધી હતી. ઘરમાં રહેલી હજ્જારો રૂપિયાની ઘરવખરી બળીને આગમાં ખાખ થઈ ગઈ હતી.

મોડાસાના ઘાંચીવાડા વિસ્તારમાં માર્ગને અડીને આવેલા બહુમાળી મકાનમાં ઉપરના ભાગે અસ્પાકઅલી કાદરઅલી સૈયદ ભાડેથી પરિવાર સાથે રહે છે. શનિવારે બપોરે રાંધવાના સમયે યાસ્મીનબાનુ રસોઈકામ કરવા ગેસ સળગાવવા જતા અચાનક ગેસની આગ ગેસની પાઈપમાં લાગી રેગ્યુલેટર સુધી આગ પ્રસરતા ધડાકાભેર ગેસનો બાટલો ફાટતા બ્લાસ્ટ થયો હતો. બહુમાળી મકાનમાં ઉપરના ભાગે અચાનક ભારે અવાજથી બ્લાસ્ટ થતા ભરચક વિસ્તારમાં ભારે ભય સાથે ગભરાટ ફેલાયો હતો. બ્લાસ્ટથી ઉપરના માળે આગ લાગતા આગના લપકારા બહાર નીકળતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બ્લાસ્ટથી ઘરમાં રહેલી ઘરવખરી સંપૂર્ણ આગમાં ખાખ થતા હજ્જારો રૂપિયાની ઘરવખરી બળી ગઈ હતી. ઉપરના માળે રહેતા અને નીચેના ભાગમાં સિદ્દીકભાઈ બાંડીના મકાનમાં પણ આગ પ્રસરતા નીચેના માળે પણ ભારે નુકશાન થયુ હતુ. અચાનક રાંધણગેસનો બાટલો ફાટતા હતભ્રત પરિવારને આજુબાજુમાંથી દોડી આવેલા યુવાનોએ હિંમત દાખવી પરિવારના ત્રણ બાળકો સહિત ૬ વ્યક્તિઓને હેમખેમ બહાર કાઢ્યા હતા. આ બનાવમાં શબાનાબાનુ હાથમાં દાઝી જતા પ્રાથમિક સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. રાંધણગેસના બ્લાસ્ટની ઘટનાની જાણ મોડાસા ફાયરબ્રિગેડને થતા તાબડતોડ ફાયર જવાનોની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લેવામાં સફળતા મેળવી હતી. ભરચક વિસ્તાર હોવાથી આગ પ્રસરી હોત તો કેટલાય ઘરો આગની લપેટમાં હોમાઈ ગયા હોત. રાંધણગેસનો બાટલો બ્લાસ્ટ થતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ યથાવત જોવા મળી રહ્યો છે.



# પ્રાંતિજમાં આમ આદમી પાર્ટીની પત્રિકાને લઈને વિવાદ

### પત્રિકામાં અમિત શાહ ગેંગ શબ્દોનો ઉપયોગ કરતા ભાજપ કાર્યકરો દ્વારા વિરોધ સાથે પોલીસ ફરિયાદ કરી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટીની પત્રિકામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના નામ પાછળ ગેંગ શબ્દ તથા કાર્યકરોને ગેંગનાં ગણવામાં આવતાં પ્રાંતિજ ભાજપ કાર્યકરો દ્વારા પત્રિકાને લઈને વિવાદ સર્જાયો છે અને મામલો પોલિસ દરબાર સુધી પહોંચી ગયો છે.

પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટીની પત્રિકામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહની પાછળ શાહ ગેંગ શબ્દોનો ઉપયોગ થયેલ હોય ભાજપ કાર્યકરોમાં રોષ ફેલાયો હતો અને પત્રિકામાં લખેલ બે નંબરો તથા પત્રિકા વેચવામાં આવેલ સેન્ટ્રો કાર અને કારમાં બેઠેલ ઈસમો અને મુદ્રક પ્રકાશનનું નામ ના હોઈ બધાં સામે પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ભાજપ કાર્યકરો રાજુભાઈ, રણજીતસિંહ, પિયુશભાઈ, દિલીપભાઈ દ્વારા પોલિસ સ્ટેશનમાં રજુઆત કરવામાં આવી હતી અને ભાજપના સક્રિય કાર્યકર વિપુલભાઈ બી.પટેલ રહે.મોયદ દ્વારા તા. ૯/૧/ ૨૦૧૭ ને સોમવારના રોજ મોડી સાંજે લેખિતમાં ફરિયાદ આપવામાં આવી છે. જયારે પ્રાંતિજ પોલિસે ફરીયાદને આધારે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ધાનેરામાં તંત્રી સંઘ દ્વારા નવા સરપંચોનું સન્માન કરાયું

ધાનેરામાં તંત્રી સંઘ દ્વારા વિજેતા બનેલા સરપંચોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં તંત્રીઓ સહીત ભાજપ અને કોંગ્રેસના આગેવાનો પણ હાજર રહ્યા હતા. ધાનેરા વિસ્તારમાં દૈનિક તેમજ સાપ્તાહિક ન્યુઝ પેપર ચલાવતા તંત્રી ઓ ધ્વારા ધાનેરા તાલુકા પંચાયતના મિટિંગ હોલમાં ધાનેરા તાલુકામાં વિજેતા બનેલા સરપંચોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં તંત્રી ઓ દ્વારા વિજેતા સરપંચોને ફૂલ હાર તેમજ શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના ગામનો વિકાસ કરે તેવી શુભકામના આપી હતી. આ સન્માન સમારોહ કાર્યક્રમમાં તંત્રી, બધા જ ગામના સરપંચો તેમજ ભાજપ કોંગ્રેસના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

## મોડાસાના એક બૂટલેગરના ભત્રીજાના અપહરણ બાદ છૂટકારો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર નજીક દારૂનો કુખ્યાત અડ્ડો ધરાવતા બૂટલેગરે એક વેપારીના રૂપિયા બાકી રાખી અન્ય વેપારી જોડેથી દારૂ ખરીદતા વિફરેલા સપ્લાયરોએ તેના ભત્રીજાનુ અપહરણ કરી લીધુ હતુ અને સારો એવો માર માર્યા બાદ શામળાજીમાં સમાધાન થયા બાદ છુટકારો થયો હતો. આમ અંદરખાને હજુ પણ દારૂના અડ્ડા બિન્દાસ ધમધમતા હોવાનુ બહાર આવ્યું છે.

અરવલ્લીના મોડાસા શહેર નજીક મેષ રાશિ ધરાવતા બૂટલેગરનો અડ્ડો આવેલો છે. આ બૂટલેગરનો ભત્રીજો પણ રોડની સાઈડે ગલ્લો ધરાવે છે. આ બુટલેગર રાજસ્થાનના એક વેપારી પાસેથી માલ લેતો હતો. પણ ગુજરાતમાં કડક દારૂબંધીનો મુખ્યમંત્રીએ અમલ કરાવ્યા બાદ આ વેપારી પાસેથી દારૂ લેવાનો મુલત્વી રાખીને અન્ય એક સપ્લાયર પાસેથી દારૂ લેવાનો ચાલુ કર્યો હતો. આ બાબતની જાણ મૂળ સપ્લાયરને થતા જ તેણે ઉપરોક્ત બૂટલેગરના ભત્રીજાનું ગાડીમાં બિન્દાસ અપહરણ કરી રાજસ્થાન લઈ ગયા હતા. ત્યાર બાદ ઢોર માર માર્યો હતો અને બાકી ઉઘરાણી ચૂકવી દેવા હુકમ કર્યો હતો. આખરે શામળાજી ડેમની પાળ પર રાજસ્થાનના સપ્લાયરના ૪૦ માણસો, બે પોલીસવાળાને વચ્ચે રાખી ૫૦ હજારથી ૧ લાખ રૂપિયાની વચ્ચેની બાકી નિકળતી રકમ આપીને મામલો પતાવવામાં આવ્યો હતો. આમ અરવલ્લીના બૂટલેગરો હાલમાં અરવલ્લી પોલીસને હપ્તો ભલે ન આપતા હોય પણ બૂટલેગરો તેમનુ નેટવર્ક તથા ધંધો બિન્દાસ ચલાવે છે તેમા બે મત નથી.

# શીણાવાડના દૂધ ઉત્પાદકો સળંગ ત્રણ પેમેન્ટથી વંચિત રહેતા જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત

### જિલ્લા કલેક્ટરે ચેરમેનની રજુઆત સંદર્ભે સંબંધિત બેંક સત્તાવાળાઓને પેમેન્ટ ચૂકવવા વ્યવસ્થા કરવા તાકીદ કરી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં નોટબંધીને કારણે ખાસ કરીને દૂધ ઉત્પાદકોની સ્થિતિ વધુ કફોડી બની રહી છે. જિલ્લાના મોડાસા તાલુકાના શીણાવાડ ગામે બેંકની શાખા હોવા છતાં દૂધ ઉત્પાદકો સળંગ ત્રણ પેમેન્ટથી વંચિત રહેતા આ અંગે આજરોજ જિલ્લા કલેક્ટર સમક્ષ મંડળીના ચેરમેને રજૂઆત કરતા જિલ્લા સમાહર્તાએ સંબંધિત બેંક સત્તાવાળાઓને પેમેન્ટ ચૂકવવા વ્યવસ્થા કરવા તાકીદ કરી હતી.

મોડાસા તાલુકાના શીણાવાડ દૂધ મંડળીના ચેરમેન જેઠાભાઈ પટેલે છેલ્લા એક માસથી સ્થાનિક બેંક સત્તાવાળાઓ સાથે સમગ્ર મામલે રજુઆતો અને માંગણીઓ કરવા છતાં તેમની દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોના રૂ. ૭,૮૪,૭૦૦ની રકમ આજદિન સુધી નહિ ચૂકવાતા માત્ર દૂધના વ્યવસાય ઉપર નિર્ભર પશુપાલક ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બનતા ન છૂટકે ચેરમેન આજે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ સમક્ષ પોતાના દૂધ ઉત્પાદકોના આ પ્રશ્ને ધારદાર રજૂઆત કરતા તે સમયે જિલ્લા કલેક્ટરે સંબંધિત બેંક સત્તાવાળાઓને દૂધના પેમેન્ટ તાત્કાલિક ચુકવી આપવા માટે ટેલીફોનિક વાતચીત કરી અને અધિકારીઓને તાકીદ પણ કરી હતી. સળંગ એક માસ સુધી બેંકની આળોડાઈને કારણે સ્થાનિક દૂધ મંડળીના સભાસદોને પોતાનું દૂધનું પેમેન્ટ ચુકવવા થયેલા ગલ્લાતલ્લા સામે પણ ઉંડી તપાસ કરવા ચેરમેને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.

# કોટડા ગામે હોટલની આડમાં દારૂનો ધંધો

ધાનેરા, તા.૧૦

બનાસકાંઠા જિલ્લાની એસીબી પોલીસ દ્વારા ધાનેરા પાસે અર્બુદામાં હોટલની આડમાં દારૂ ધંધો થતો હોવાની બનાસકાંઠા એલસીબી પોલીસને બાતમી મળતા પોલીસે



આવેલી અર્બુદા હોટલ પરથી દારૂ સાથે એક આરોપીને ઝડપી પાડયો છે ત્યારે હોટલ મલિક ફરાર થઈ જતા પોલીસે હોટલ માલિકને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

ધાનેરા તાલુકાના કોટડા (ધાખા) ગામ પાસે આવેલી હોટલ હોટલ અર્બુદા પર રેડ કરતા દારૂની ૫૯ બોટલ જેની કિંમત ૫૯૦૦ સાથે હિતેષ અજબભાઈ પટેલની ધરપકડ કરી હતી. પરંતુ હોટલ માલિક પુનમભાઈ મદેવભાઈ પટેલ નાશી જતા પોલીસે હોટલ માલિકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.



અરવલ્લી જિલ્લામાં ટ્રાફિક સલામતી સપ્તાહ અંતર્ગત જિલ્લામથક મોડાસા ખાતે વિભાગીય પોલીસ વડાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો. જેમાં શહેરના ટ્રાફિકથી ધમધમતા માર્ગો પર ઉભા રહી પોલીસ અધિકારીઓએ વાહનવ્યવહાર અને ટ્રાફિક માર્ગ સલામતીને લગતા નિયમો સંદર્ભ જરૂરી માર્ગદર્શન આપી ટ્રાફિક નિયમન અને સલામતીના નિયમોના પેમ્ફલેટની વહેંચણી કરી ટુ-વ્હીલર અને ફોર વ્હીલર વાહન ચાલકોને ગુલાબના ફૂલ આપી ટ્રાફિક નિયમનનુ પાલન કરવા સમજાવ્યા હતા. જિલ્લા મથક મોડાસામાં જિલ્લા નાયબ પોલીસ વડા કે.એફ. બળોલીયા ટાઉન પોલીસ તેમજ આરટીઓ ઈન્સ્પેક્ટર અને ગાજણ ટોલ પ્લાઝાના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. એલએન્ડટી કંપનીના કર્મચારીઓ અને પોલીસ જવાનોએ ટ્રાફિક નિયમન અંગે જાગૃતિ કેળવવા મોડાસા શહેરમાં રેલી યોજી હતી.

## વાદળછાયા વાતાવરણ વચ્ચે જીરૂ અને વરિયાળીનો પાક લેવા કાળજી લેવી

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠાના નાયબ બાગાયત નિયામકે બનાસકાંઠા જિલ્લાના જીરૂ અને વરિયાળીનું વાવેતર કરતા ખેડૂતોને જણાવાયું છે કે વાદળછાયા વાતાવરણમાં કાળીયા/ચરમીનો રોગ આવવાની શકયતા હોઈ પિયત આપવાનું ટાળવુ અને મેન્કોઝેબ (ડાયથેન એમ-૪૫) ૩૫ ગ્રામ/૧૦ લીટર અને ૨૫ મિ.લી. સાબુનું સંતુપ્ત દ્રાવણ બનાવી ધુમ્મસરૂપે ૧૦ દિવસના અંતરે છંટકાવ કરવો.

ભુકી છારો/છાછીયો રોગના નિયંત્રણ માટે ૩૦૦ મેશ ગંધકની ભુકી ૨૫ કિલો/હે. પ્રમાણે ઝાકળ હોય ત્યારે અથવા દ્રાવ્ય ગંધક ૨૫ ગ્રામ/૧૦ લીટરમાં ઓગાળીને ઝાકળ ઉડ્યા બાદ ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા જણાવાયું છે.

## ખેડબ્રહ્મા કોલેજમાં ૪૭મુ ગુજરાત અર્થશાસ્ત્રીય અધિવેશન યોજાયું

ગુજરાત અર્થશાસ્ત્ર મંડળ તથા ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે જયદિપસિંહજી એ. રાઠોડ, પ્રમુખ, ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ પદે ત્રિદિવસીય ૪૭મું ગુજરાત અર્થશાસ્ત્રીય અધિવેશનનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમના આરંભમાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ. આ પ્રસંગે ઉદ્‌ઘાટક પ્રા. ડૉ. રોહિત શુકલ, પ્રમુખ, ગુજરાત અર્થશાસ્ત્ર મંડળ, મુખ્ય મહેમાન પ્રા. ડૉ. તુષાર હાથી, અધિવેશન પ્રમુખ અને પૂર્વ કુલપતિ કચ્છ યુનિ., ડૉ. મણીલાલ હ. પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, અતિથિ વિશેષ જે.કે. પટેલ, મંત્રી અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, જશુભાઈ પટેલ, ઉપાધ્યક્ષ, અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ વગેરે મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

# મોડાસાના પતંગ સ્ટોર્સમાંથી ચાઈનીઝ દોરીનો ગેરકાયદેસર જથ્થો જપ્ત

### ચાઈનીજ દોરીના વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં વેપારીઓએ આ જથ્થો વેચાણ અર્થે રાખી મુક્યો હતો

મોડાસા, તા. ૧૧

મોડાસા શહેરના બસસ્ટેશન વિસ્તારમાં આવેલ બે જુદી જુદી પતંગની દુકાનમાં વેચાણ અર્થે મુકેલ ચાઈનીઝ દોરીનો જથ્થો મોડાસા ટાઉન પોલીસે ઝડપી લઈ આ દુકાન માલિકો પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જિલ્લાના મોડાસા સહિત તમામ તાલુકા મથકોએ હાલ દોરી પતંગના સ્ટોલો ઉભા થઈ ગયા છે અને આ સ્ટોલ ઉપર જાત જાતની દોરીઓનું વેચાણ પણ થાય છે. જેમાં મોડાસામાં બસસ્ટેશન વિસ્તારમાં ટાઉન પોલીસે બે દુકાનોમાંથી ૩૬ જેટલી ચાઈનીઝ દોરીની ગેરકાયદેસર ફીરકીઓનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઉત્તરાયણ તહેવારમાં ચાઈનીઝ દોરી વેચવા પર પ્રતિબંધ હોવા છતાં દુકાન માલિકોએ આ જથ્થાને અન્ય લેબલ ચડાવી વેચાણ અર્થે મુકી રાખ્યો હતો. જેને પોલીસે ઝડપી લઈ કુલ ૩૬ જેટલી ફીરકીઓ રૂ. ૫૪૦૦નો જથ્થો કબજે લઈ આરોપી શ્રવણકુમાર તુલજારામ શાહ (રહે. શ્યામનગર, મોડાસા) અને અતુલભાઈ જસવંતલાલ ભાવસાર (રહે. કલ્પતરૂ સોસાયટી, મોડાસા) વિરૂદ્ધ જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરવા બદલ ઈપીકો કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યાહી હાથ ધરી છે.


## જાહેર આભાર



ધાનેરા તાલુકાની કુંમર ગ્રામ પંચાયત ચૂંટણીમાં વિકાસમાં વિશ્વાસ વ્યક્ત કરી સરપંચ તરીકે મને બહુમતિ સાથે વિજય બનાવવા બદલ સર્વ ગ્રામજનો, મતદાર ભાઈ-બહેનો, યુવાન મિત્રો, સ્નેહીજનો તથા પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર આપનાર શુભેચ્છકો, સમર્થકો, મિત્રોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને સૌએ મારામાં મુકેલા વિશ્વાસને સાર્થક કરવાની ખાત્રી આપું છું.

(આપનો આભાર)
કાંતિભાઈ ખેમાભાઈ ડાભી
સરપંચ - કુંમર ગ્રામ પંચાયત

## જાહેર આભાર



પટેલ પાર્વતીબેન પ્રેમાભાઈ
નવનિયુક્ત સરપંચ
શેરગઢ ગ્રામ પંચાયત



પટેલ પ્રેમાભાઈ ઉકાભાઈ
પટેલ સમાજ અગ્રણી

શેરગઢ ગ્રામ પંચાયતના સરપંચ પદે જીતાડવા બદલ મતદાર ભાઈ-બહેનો, સર્વે સમાજના આગેવાનોનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર સર્વે મિત્રો, વડીલો, આગેવાનોનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ... ગામના વિકાસમાં પુરેપુરું યોગદાન આપવા પ્રયત્નશીલ રહીશું.